# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**DATE: 15-07-2025** **MIDDAY: 2.30 TO 2.35**
**DAY : TUESDAY** **REGIONAL NEWS**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર અનિલ પટેલ વાંચે છે.

---

મુખ્ય સમાચાર

(મ્યુઝિક અંડરપ્લે)

# RAIN

રાજ્યમાં આજે વરસાદનું જોર ઘટ્યું છે. આજે સવારે છ વાગ્યાથી બપોરના 12 વાગ્યા સુધી 27 તાલુકામાં હળવો વરસાદ પડ્યો છે. નવસારી જિલ્લાના વાંસદામાં 1.50 ઇંચ અને બનાસકાંઠાના દાંતા તાલુકમાં એક ઇંચ વરસાદ નોંધાયો છે.

નવસારી જિલ્લાના અમારા પ્રતિનિધિ અશોક પટેલ જણાવે છે કે, વાંસદાના કેલીયાડેમ અને જુજ ડેમ ઓવરફ્લો થતાં નીચાણવાળા ગામોના લોકોને સાવચેત કરાયા છે. જુજ ગામે કાવેરી નદી ઉપર સ્થિત જુજ ડેમ આજે સવારે ઓવરફ્લો થતાં વાંસદા તાલુકાના 13 ગામો, ચીખલી તાલુકાના 6 ગામો અને ગણદેવી તાલુકાના 6 ગામોના લોકોને એલર્ટ કરાયા છે. કેલિયા ડેમ પણ ઓવરફ્લો થતાં વાંસદા તાલુકાના 1 ગામ, ચીખલી તાલુકાના 16 ગામો, ખેરગામ તાલુકાના 1 ગામ, અને ગણદેવી તાલુકાના 5 ગામોના નાગરીકોને એલર્ટ કરાયા છે.

દરમિયાન, હવામાન વિભાગે આજે બનાસકાંઠા, સાબરકાંઠા, છોટાઉદેપુર, નર્મદા, તાપી, ડાંગ, નવસારી, વલસાડ, દમણ અને દાદરા નગરહવેલીમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદનું યલો એલર્ટ આપ્યું છે.

. . . . . . . . .

# MAHISAGAR VAVETAR

ચોમાસાના પ્રારંભથી જ મહીસાગર જિલ્લાના તમામ છ તાલુકામાં સાર્વત્રિક વરસાદ થતાં જિલ્લામાં ખરીફ પાકના વાવેતરમાં વધારો જોવા મળ્યો છે. ગત જુલાઈ મહિનામાં જે વાવેતર થયું હતું તેનાથી ત્રણ ગણું વધારે વાવેતર  આ વર્ષે જુલાઈ મહિનામાં થયું છે.

ગઈ સીઝનમાં જુલાઈ માસમાં 10 હજાર હેકટર જમીનમાં વાવેતર થયું હતું , જ્યારે ચાલુ સિઝનમાં જુલાઈ માસમાં  30 હજાર હેક્ટર કરતા વધુ જમીનમાં વાવેતરા થયું છે. સારો વાવણી લાયક વરસાદ થતા ખેડૂતોએ આવનાર સમયમાં વધુ સારા વરસાદની આશાએ વાવેતર શરૂ કરી દીધું છે.

મહીસાગરના જિલ્લા ખેતીવાડી અધિકારી જગદીશ પટેલે વાવેતર અંગે વધુ માહિતી આપીઃ

(BYTE -- JAGDISH PATEL)

. . . . . . .

# SURENGRANAGAR ROAD DAMAGE

રાજ્યમાં વરસાદથી થ્રતિગ્રસ્ત માર્ગોનું નિરીક્ષણ ચાલી રહ્યું છે. સુરેન્દ્રનગર શહેર-મહાનગરપાલિકા વિસ્તારમાં વરસાદથી ક્ષતિગ્રસ્ત થયેલ રસ્તાઓના મરામતની કામગીરી હાથ ધરાઈ છે. મહાનગરપાલિકા વિસ્તારમાં જેસીબી, ડમ્પર અને જેટીંગ મશીન સહિતની મશીનરીનો ઉપયોગ કરીને શહેરમાં વરસાદી પાણીનો નિકાલ, ડ્રેનેજ ભૂગર્ભ ગટરની સાફ-સફાઈ , રોડ-રસ્તાના રિસરફેસિંગની કામગીરી કરવામાં આવી રહી છે.

સુરેન્દ્રનગર મ્યુનિસિપલ કમિશનર ડો.નવનાથ ગવ્હાણે મધ્યરાત્રીએ શહેરી વિસ્તારમાં ચાલતી રોડ-રસ્તા મરામતની કામગીરીનું જાત નિરીક્ષણ કર્યું હતું.

તેમણે શહેરીજનોને રોડ અંગે કોઈ પણ ફરિયાદ હોય તો સુરેન્દ્રનગર મહાનગરપાલિકાના ટોલ ફ્રી નંબર 02752-284406 પર નોંધાવવા અપીલ કરી હતી.

. . . . . . . . . . .

# TAPI BRIDGE MONITORING

તાપી જિલ્લામાં માર્ગ મકાન વિભાગ દ્વારા જિલ્લાના 49 જેટલા બ્રિજનું નિરીક્ષણ શરૂ કરવામાં આવ્યું છે.

સોનગઢ તાલુકાના ડોસવાડા અને વાલોડ તાલુકાના કણજોડ ગામે પુલનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

કણજોડ ખાતે સુરતના અધિક્ષક ઈજનેર અને ડોસવાડા ખાતે જિલ્લાના અધિકારીઓ દ્વારા પુલનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું.

નિરીક્ષણ દરમ્યાન પુલોમાં કોઈ ખામી નહીં જણાઈ હોવાનું જણાયું છે.

. . . . . . . . . .

# RAJKOT ROAD DAMAGE

રાજકોટ જિલ્લા ક્લેક્ટર ડૉ. ઓમપ્રકાશે જણાવ્યું કે , જેતપુર નેશનલ હાઈવે પર વીરપુર પાસે વાહન વ્યવહાર માટે એક બ્રિજ ચાલુ કરી દેવાયો છે તથા ટૂંક સમયમાં અન્ય બે બ્રિજની કામગીરી પણ પૂર્ણ થઈ જશે આજે ગોંડલ નજીક રાજકોટ-જેતપુર નેશનલ હાઇવેના વિવિધ ઓવરબ્રિજના કામોનું રૂબરૂ નિરીક્ષણ કરતા તેમણે આમ જણાવ્યું હતું.

જિલ્લા કલેક્ટરે આજે સવારે ગોંડલ નજીક ગોમટા પાસે ચાલતા ઓવરબ્રિજના પ્રગતિ હેઠળના કામોના નિરીક્ષણ કર્યું હતું. તેમણે નેશનલ હાઇવે ઓથોરિટી ઓફ ઈન્ડિયાના મેનેજર અશોક ચૌધરી પાસેથી વિવિધ કાર્યોની વિગતવાર માહિતી મેળવી હતી.

. . . . . . . . . . . . .

# MANGROL BRIDGE BREAKING

જુનાગઢ જિલ્લાના માંગરોળ નજીક આજક- આંત્રોલી ગામ વચ્ચે આવેલા જર્જરીત પુલ તૂટવાની ઘટના અંગે સ્પષ્ટતા કરવામાં આવી છે કે , આ પુલ તૂટ્યો નથી પણ તોડવામાં આવ્યો છે.

જુનાગઢ જિલ્લા માર્ગ મકાન વિભાગ પંચાયતના કાર્યપાલક ઇજનેર અભિષેક ગોહિલે જણાવ્યું હતું આજક- આંત્રોલી વચ્ચે આવેલો પુલ માર્ગ મકાન વિભાગ પંચાયતના અધિકારીઓના નિરીક્ષણ બાદ જર્જરીત જણાવતા તેના સ્લેબને ઉતારવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. બ્રેકર મશીનથી પૂલ પાડવાની આ કામગીરી ચાલતી હતી એ દરમિયાન પુલનો એક મોટો ભાગ નીચે પડ્યો હતો. જેમાં કોઈ જાનહાની થઈ નથી અને કોઈને ઈજા પણ થઈ નથી.

. . . . . . . . .

# Amritsar-Jamnagar Express Way toll

ભારતમાલા પ્રોજક્ટ અંતર્ગત અમૃતસર-જામનગર એક્સપ્રેસવે પર સાંચોર-સાંતલપુર સેક્શનના પેકેજ- 4માં અત્યારે રિપેરિંગની કામગીરી ચાલુ હોવાથી, અહીં 29 કિલોમીટર ભાગમાં લાગતો ટોલ ટેક્સ ટૂંકી મુદ્દત માટે માફ કરવામાં આવ્યો છે.

NHAIએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે આજથી આ નિર્ણય લાગુ થઇ ગયો છે. રિપેરિંગની નિર્ધારિત કામગીરી પૂર્ણ થાય ત્યાં સુધી 29 કિલોમીટર પરનો ટોલ ટેક્સ નાગરિકો માટે ફ્રી રહેશે.

રાજસ્થાનના સાંચોરથી ગુજરાતના પાટણ જિલ્લાના સાંતલપુર સુધી 125 કિલોમીટરનો માર્ગ એક મહત્વપૂર્ણ આર્થિક કોરિડોર છે. ભારતમાલા પ્રોજેક્ટથી જામનગર, કંડલા અને મુન્દ્રા જેવા બંદર પરથી ઉત્તર ક્ષેત્રના રાજ્યો-પ્રદેશોને વિવિધ ઉત્પાદનોની આયાત-નિકાસની વૈશ્વિક સુવિધા મળશે.

. . . . . . . .

# સમાચારનાં અંતે

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા હતાં. આ સમાચાર નું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

....................................

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

(ક્લોઝિંગ ટ્યુન)